શ્રી વીતરાગાય નમઃ



# ઉપ્પનેઈવા
# વિગમેઈવા
# ધુવેઈવા

## ગુરુપ્રાણ આગમ બત્રીસી આધારિત પરિચય પુસ્તિકા

૪

# શ્રી સમવાયાંગ સૂત્ર


આશીર્વાદ

તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા.
પૂ. શ્રી મુક્ત-લીલમ ગુરુણીદેવા

રાષ્ટ્રસંત પૂ. પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા.
ગુરુણીશ્રી પૂ. વીરમતીબાઈ મ.

આલેખન

– ડૉ. સાધ્વી આરતી
– સાધ્વી સુબોધિકા

# અનંત ઉપકારી તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ
# શ્રી રતિલાલજી મહારાજ સાહેબ

25th
પુણ્યસ્મૃતિ
ઉપલક્ષ

25th
પુણ્યસ્મૃતિ
ઉપલક્ષ

અહો ગુરુદેવ!
આપની આજ્ઞા સહ પરમ કૃપાએ
સાકાર પામેલી ગુરુ પ્રાણ
આગમ બત્રીસી આધારિત
આગમ પરિચય પુસ્તિકાઓ કૃતજ્ઞભાવે
આપના કરકમલમાં અર્પણ... **સમર્પણ...**

# શ્રી સમવાયાંગસૂત્ર

શ્રી સમવાયાંગસૂત્ર ચોથું અંગ સૂત્ર છે. આ શાસ્ત્રમાં સંખ્યાની પ્રધાનતાએ વિષય નિરૂપણ છે. એક થી સો સંખ્યા પર્યંત એકોત્તરિક વૃદ્ધિ છે અર્થાત્ ૧, ૨, ૩, તેમ ક્રમશઃ એક–એક સંખ્યાની વૃદ્ધિએ વિષય નિરૂપણ છે અને ત્યારપછી અનેકોત્તરિક વૃદ્ધિ છે. તેમાં દોઢસોથી ક્રોડાક્રોડ સંખ્યા સંબંધી વિષયોનો સંગ્રહ છે અને ગણિપિટક–દ્વાદશાંગીનો, તીર્થંકરાદિ શ્લાઘનીય પુરુષોનો પરિચય છે. શ્રીઠાણાંગસૂત્રની જેમ જ સમવાયાંગસૂત્રમાં સંખ્યાના ક્રમથી વર્ણન છે. તે દૃષ્ટિએ બંને આગમોની શૈલી સમાન છે. શ્રી ઠાણાંગસૂત્રમાં એક થી દશ સુધીની સંખ્યાનું નિરૂપણ છે. તેમાં દશ સ્થાન (અધ્યયન) છે જ્યારે શ્રી સમવાયાંગસૂત્રમાં અધ્યયન (પ્રકરણ) સંખ્યા નિશ્ચિત નથી. આ આગમ એક અધ્યયન રૂપ છે, તેમ છતાં તેનું એકોત્તરિક વૃદ્ધિ અને અનેકોત્તરિક વૃદ્ધિ તથા પ્રકીર્ણક વિષયો રૂપે વિભાજન કરી શકાય છે. આ આગમ એક પ્રકારનો કોષ છે. વિષયને યાદ રાખવા માટે આ કોષ શૈલી ખૂબ ઉપયોગી છે. આ આગમમાં સંખ્યાની પ્રધાનતાએ વિષય નિરૂપણ હોવાથી વિષયોનો પરસ્પર

સંબંધ નથી. પ્રત્યેક વિષયો સંખ્યાની દષ્ટિએ પોત–પોતામાં પરિપૂર્ણ છે.

## એકોત્તરિક વૃદ્ધિ સમવાય

**સમવાય – ૧ :** આત્મા એક છે, અનાત્મા એક છે. ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો એક–એક છે. પુણ્ય–પાપાદિ તત્ત્વો એક–એક છે. આત્મત્વ, અનાત્મત્વ, દ્રવ્યત્વ, તત્ત્વત્વ વગેરે સામાન્યની અપેક્ષાએ તે બધા એક–એક છે, ★ જંબૂદ્વીપ, શક્રેન્દ્રનું પાલક વિમાન, સર્વાર્થસિદ્ધિ મહાવિમાન, આ ત્રણેય એક લાખ યોજનના વિસ્તારવાળા છે. ★ કેટલાક નારકી, કેટલાક અસુરકુમારાદિ દેવો, અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા છે. કેટલાક (યુગલિક) મનુષ્યો અને તિર્યંચોની સ્થિતિ એક પલ્યોપમની છે. ★ કેટલાક વિશિષ્ટ દેવોની સ્થિતિ એક સાગરોપમની છે, તે દેવો એક પખવાડિયે (પંદર દિવસે) શ્વાસોશ્વાસ લે છે, તે દેવોને હજાર વર્ષે આહારની ઈચ્છા થાય છે. ★ કેટલાક ભવ્ય જીવો એક મનુષ્ય ભવ કરી સિદ્ધ થશે.

**સમવાય – ૨ :** બે પ્રકારના દંડ છે – **(૧)** અર્થદંડ – પોતાના શરીરની રક્ષા માટે; કુટુંબ પરિવાર, દેશ વગેરેના પાલન–પોષણ માટે પાપરૂપ પ્રવૃત્તિ કરવી, તે અર્થદંડ છે

અને **(૨)** કોઈપણ પ્રયોજન વિના નિરર્થક પાપ પ્રવૃત્તિ કરવી, તે અનર્થદંડ છે. ★ લોકમાં બે રાશિ છે, જીવરાશિ અને અજીવરાશિ. ★ રાગ અને દ્વેષ, આ બે બંધનરૂપ છે.

**સમવાય – ૩ :** ચારિત્રરૂપ ઐશ્વર્યને નિઃસાર બનાવે તે દંડ, તે દંડના ત્રણ પ્રકાર છે. મન, વચન, કાયાની અશુભ પ્રવૃત્તિ વડે ચારિત્ર નષ્ટ થાય છે, તેથી તે દંડ રૂપ છે. ★ શરીરમાં લાગેલા કાંટાની જેમ અંતરમાં દુઃખનું વેદન કરાવે, તેને **શલ્ય** કહે છે, તેના ત્રણ પ્રકાર છે– **(૧)** માયા કરનાર પોતાનું કપટ પ્રગટ ન થાય, તે વાતે અંદરથી પીડિત રહે છે. **(૨)** નિદાન–પોતાના તપના ફળ રૂપે દેવાદિ ઋદ્ધિની કામના કરવી તે નિદાન છે. નિદાન કરનારનું ચિત્ત સુખ મેળવવા તલસતું રહે છે અને **(૩)** મિથ્યાદર્શન : મિથ્યાત્વના કારણે જીવ પર પદાર્થમાં બેચેન રહે છે. ★ ત્રણ પ્રકારના **ગર્વ** છે. ઋદ્ધિ આદિના અહંકારને ગર્વ કહે છે. **૧.** વૈભવ દ્વારા પોતાને ગૌરવશાળી માનવો, તે ઋદ્ધિ ગૌરવ છે. **૨.** ઘી, દૂધ, મિષ્ટાનાદિ ખાધા વિના હું રહી ન શકું, એટલે તે ખાવા–પીવામાં ગૌરવ અનુભવવો, તે રસ ગૌરવ છે. **૩.** હું ઠંડી–ગરમી સહન કરી શકું નહીં, આ પ્રકારે સુખશીલતા બતાવવી, શાતા પ્રાપ્ત થાય, તો અભિમાન કરવું, તે શાતા ગર્વ છે. ★

જ્ઞાન, દર્શન, ચારિત્રનું સમ્યક્ આચરણ ન કરવું, તેના અતિચાર– દોષોનું સેવન કરવું, તે વિરાધના છે. તે વિરાધનાના ત્રણ પ્રકાર છે. **૧.** શાસ્ત્રનો સ્વાધ્યાય ન કરવો, તે જ્ઞાન વિરાધના છે. **૨.** જિનેશ્વરના વચનમાં શંકા કરવી, શ્રદ્ધા ન કરવી, તે દર્શન વિરાધના છે. **૩.** શ્રાવક વ્રત કે સાધુ વ્રતમાં દોષ લગાડવા, તે ચારિત્ર વિરાધના છે.

**સમવાય – ૪ :** આત્મગુણોને કૃશ કરે તેવા વિકારી ભાવને કષાય કહે છે. ક્રોધ, માન, માયા, લોભ, આ ચાર કષાય છે. ★ ચિતની એકાગ્રતાને ધ્યાન કહે છે. તેના ચાર પ્રકાર છે. **૧.** ઈષ્ટ વિયોગ, અનિષ્ટ સંયોગને દૂર કરવાના ઉપાયમાં એકાગ્ર થવું, તે આર્તધ્યાન, **૨.** હિંસાદિ પાપ કરવામાં એકાગ્ર થવું, તે રૌદ્રધ્યાન છે. **૩.** જિનપ્રવચન, દયા, દાન વગેરે શુભ કાર્યોમાં એકાગ્ર થવું, તે ધર્મધ્યાન છે અને **૪.** અશુભ ભાવોથી નિવૃત્ત થઈ, શુભ ભાવોની વૃદ્ધિ કરતાં ચૈતન્ય સ્વરૂપમાં સ્થિર થવું, તે શુકલધ્યાન છે. ★ રાગ–દ્વેષવર્ધક, નિરર્થક વાર્તાલાપને વિકથા કહે છે, તેના ચાર પ્રકાર છે – સ્ત્રી–પુરુષકથા, ભત્ત (ભોજન)કથા, દેશકથા, રાજકથા. ★ ઈંદ્રિય અને મનની આકાંક્ષાઓને સંજ્ઞા કહે છે, તેના ચાર પ્રકાર છે – આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા, અને

પરિગ્રહસંજ્ઞા ★ બે હજાર ધનુષ્યનો એક ગાઉ છે, તેવા ચાર ગાઉનો એક યોજન છે.

**સમવાય – ૫ :** મન, વચન, કાયાના વિશેષ વ્યાપારને ક્રિયા કહે છે. તે ક્રિયાના પાંચ પ્રકાર છે - (૧) કાયિકી ક્રિયા (૨) શસ્ત્રાદિ સંબંધી અધિકરણિકી ક્રિયા (૩) દ્વેષ કરવા રૂપ પ્રાદ્વેષિકી ક્રિયા (૪) પારિતાપનિકી ક્રિયા અને (૫) પ્રાણાતિપાતિકી ક્રિયા. ★ પાંચ મહાવ્રત છે, સર્વ પ્રકારે (૧) અહિંસા, (૨) સત્ય (૩) અચૌર્ય (૪) બ્રહ્મચર્ય અને (૫) અપરિગ્રહનું પાલન કરવું. ★ ઈંદ્રિયના કામગુણ (વિષય) પાંચ છે, યથા - શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ ★ પાંચ આશ્રવ દ્વાર છે - (૧) મિથ્યાત્વ-આત્માના વાસ્તવિક-સત્ય સ્વરૂપને ન જાણવું (૨) અવ્રત- પ્રત્યાખ્યાન ન કરવા (૩) પ્રમાદ-આળ સ, નિંદા, ઈંદ્રિયવિષય, વિકથાદિ (૪) ક્રોધાદિ કષાય અને (૫) યોગ-મન, વચન, કાયાની અશુભ પ્રવૃત્તિ, આ પાંચ કર્મબંધ (આશ્રવ)ના દ્વાર છે. ★ વિવિધ પ્રવૃત્તિઓ, ક્રિયાઓ યતનાપૂર્વક કરવામાં આવે, તેને સમિતિ કહે છે. તેના પાંચ પ્રકાર છે - (૧) સાવધાની પૂર્વક ચાલવું તે ઈર્યાસમિતિ છે. (૨) સાવધાનીપૂર્વક હિતકારી, પ્રિયકારી ભાષા બોલવી તે ભાષાસમિતિ છે. (૩) ગોચરીમાં

સાવધાની રાખી, નિર્દોષ ભિક્ષા લેવી, તે એષણાસમિતિ છે. (૪) વસ્ત્ર, પાત્ર, પુસ્તક વગેરે વસ્તુઓને લેવા–મૂકવામાં યતના રાખવી તે આદાન-ભંડ-માત્ર-નિક્ષેપણાસમિતિ છે. (૫) વડિનીત, લઘુનીત, શરીરના મેલને પરઠવા સમયે યતના રાખવી તે પરિસ્થાપનાસમિતિ છે. ★ બહુપ્રદેશી દ્રવ્યને અસ્તિકાય કહે છે. પાંચ દ્રવ્યો અસ્તિકાય રૂપ છે–(૧) ધર્માસ્તિકાય (૨) અધર્માસ્તિકાય (૩) આકાશાસ્તિકાય (૪) પુદ્‌ગલાસ્તિકાય અને (૬) જીવાસ્તિકાય.

**સમવાય – ૬ :** કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ, શુકલ, આ છ પ્રકારની લેશ્યા છે. ★ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસ એટલે હાલતા–ચાલતા જીવો, આ છ પ્રકારના જીવો સજીવ છે. ★ (૧) અનશન (૨) ઉણોદરી (૩) વૃત્તિસંક્ષેપ (૪) રસપરિત્યાગ (૫) પ્રતિસંલીનતા (૬) કાયકલેશ, આ છ બાહ્ય તપ છે. (૧) પ્રાયશ્ચિત (૨) વિનય (૩) વૈયાવચ્ચ (સેવા) (૪) સ્વાધ્યાય (૫) ધ્યાન અને (૬) કાયોત્સર્ગ, આ છ આભ્યંતર તપ છે.

**સમવાય – ૭ :** ભયના સાત સ્થાન છે –(૧) મનુષ્યથી મનુષ્યને ભય લાગે, તે ઈહલોકભય. (૨) મનુષ્યને પશુ કે દેવાદિથી ભય ઉત્પન્ન થાય તે પરલોકભય. (૩)

ધનાદિની સુરક્ષા સંબંધી ભય તે આદાનભય (૪) માનસિક વિકલ્પ કે વિચારથી ભયભીત થવું તે અકસ્માતભય. (૫) આજીવિકા પ્રાપ્તિ આદિ સંબંધી ભય તે આજીવિકાભય (૬) મૃત્યુથી ભયભીત થવું તે મરણભય અને (૭) નિંદા, અપકીર્તિ આદિનો ભય, તે અપયશભય. ★ શ્રમણ ભગવાન મહાવીરસ્વામી સાત હાથ ઊંચા હતા.

**સમવાય – ૮ :** જે નિમિત્તથી મનુષ્ય અભિમાન કરે છે, તે કારણને મદસ્થાન કહેવામાં આવે છે. તેના આઠ પ્રકાર છે – (૧) જાતિ–માતૃ પક્ષની શ્રેષ્ઠતાનું (૨) કુળ–પિતાના વંશની શ્રેષ્ઠતાનું (૩) બળ (૪) રૂપ (૫) તપ (૬) શ્રુત–વિદ્યાનું (૭) લાભ–કોઈપણ પ્રકારની પ્રાપ્તિનું (૮) ઐશ્વર્ય–વૈભવ આદિનું અભિમાન કરવું. ★ વ્યંતર દેવોના ચૈત્યવૃક્ષો, ઉત્તર કુરુક્ષેત્રનું જંબૂવૃક્ષ તથા દેવકુરુનું શાલ્મલિ વૃક્ષ આઠ યોજન ઊંચા છે. ★ કેવળીસમુદ્‌ઘાતનો કાળ આઠ સમયનો છે. ★ પાર્શ્વનાથ ભગવાનને આઠ ગણધર હતા.

**સમવાય – ૯ :** બ્રહ્મચર્યની નવ અગુપ્તિઓ છે. તે બ્રહ્મચર્યનો વિનાશ કરે છે–(૧) સ્ત્રી, પશુ, નપુંસકવાળા સ્થાનમાં રહેવું (૨) સ્ત્રીઓના રૂપાદિની વાતો કરવી

(૩) સ્ત્રી સાથે એક આસને બેસવું અથવા સ્ત્રી બેઠી હોય તે સ્થાન ઉપર ૪૮ મિનિટ વ્યતીત થયા પહેલાં બેસવું. (૪) સ્ત્રીના અંગ–પ્રત્યંગો જોવા, તેનું ચિંતન કરવું. (૫) વિકારવર્ધક, કામોત્તેજક ગરિષ્ઠ–માદક પદાર્થોનું ભોજન કરવું (૬) અતિ અધિક પ્રમાણમાં આહાર કરવો (૭) પૂર્વે ભોગવેલા કામભોગ યાદ કરવા (૮) કામોદ્દીપક શબ્દ, રૂપ, ગંધાદિને ભોગવવા, કોમળ, સુંવાળી, શય્યા, આસન આદિનો સ્પર્શ કરવો, તેનો ઉપયોગ કરવો અને (૯) શરીરની શોભા–વિભૂષા કરવી. ★ પાર્શ્વનાથ ભગવાન નવ હાથ ઊંચા હતા.★ નવ યોજનવાળા મત્સ્ય જંબૂદ્વીપમાં પ્રવેશે છે.

**સમવાય – ૧૦ :** આરંભ, પરિગ્રહ અને ઘરના ત્યાગી શ્રમણોના શ્રમણધર્મના દશ પ્રકાર છે, યથા – ક્ષમા, નિર્લોભતા, સરળતા, નમ્રતા, લઘુતા, સત્ય, સંયમ, તપ, ત્યાગ અને બ્રહ્મચર્યવાસ. ★ ચિત્તની શાંતિ કે પ્રસન્નતારૂપ સમાધિ ઉત્પન્ન કરનારા ચિત્ત સમાધિના દશ સ્થાનો છે. (૧) ધર્મનું ચિંતન કરવાથી (૨) યથાર્થ ફળદાયી સ્વપ્ન દર્શનથી (૩) જાતિસ્મરણજ્ઞાન થવાથી (૪) દેવોના દર્શન થવાથી (૫–૬) અવધિજ્ઞાન–અવધિદર્શન ઉત્પન્ન થવાથી (૭) મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થવાથી (૮–૯) કેવળજ્ઞાન–

કેવળદર્શન ઉત્પન્ન થવાથી અને (૧૦) કેવળી મરણ (નિર્વાણ) પ્રાપ્ત થવાથી ★ ૨૨મા તીર્થંકર અરિષ્ટનેમિ, તેમના પિતરાઈભાઈ શ્રીકૃષ્ણ અને બલરામ દશ ધનુષ્ય ઊંચા હતા.

**સમવાય – ૧૧ :** શ્રાવકોની ૧૧ પ્રતિમા (અભિગ્રહ) છે. ★ શ્રમણ ભગવાન મહાવીરસ્વામીને અગિયાર ગણધર હતા – (૧) ઈન્દ્રભૂતિ ગણધર (૨) અગ્નિભૂતિ ગણધર (૩) વાયુભૂતિ ગણધર (૪) વ્યકત ગણધર (૫) સુધર્મા ગણધર (૬) મંડિત ગણધર (૭) મૌર્યપુત્ર ગણધર (૮) અકંપિત ગણધર (૯) અચલભ્રાતા ગણધર (૧૦) મેતાર્ય ગણધર (૧૧) પ્રભાસ ગણધર.

**સમવાય – ૧૨ :** ભિક્ષુ (સાધુ)ની બાર પ્રતિમા છે. ★ બલરામ બારસો વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી દેવગતિને પ્રાપ્ત થયા છે. ★ ટૂંકામાં ટૂંકી રાત્રિ અને ટૂંકામાં ટૂંકો દિવસ ૧૨ મુહૂર્તનો હોય છે. ★ સર્વાર્થસિદ્ધ વિમાનની ચૂલિકાથી બાર યોજન ઊંચે ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી (સિદ્ધશિલા) છે.

**સમવાય – ૧૩ :** પહેલા, બીજા દેવલોકમાં તેર પાથડા છે. ★ ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય જીવોને તેર યોગ હોય છે. ★ સૂર્યવિમાન એક યોજનમાં ૧૩/૬૧ યોજન ન્યૂન અર્થાત્

$^{૪૮}/_{૬૧}$ યોજનના વિસ્તારવાળું છે.

**સમવાય – ૧૪ :** દૃષ્ટિવાદ નામના બારમા અંગમાં ૧૪ પૂર્વો છે,

(૧) ઉત્પાદ્‌પૂર્વ (૨) અગ્રાયણીયપૂર્વ
(૩) વીર્યપ્રવાદપૂર્વ (૪) અસ્તિ–નાસ્તિપ્રવાદપૂર્વ
(૫) જ્ઞાનપ્રવાદપૂર્વ (૬) સત્યપ્રવાદપૂર્વ
(૭) આત્મપ્રવાદપૂર્વ (૮) કર્મપ્રવાદપૂર્વ
(૯) પ્રત્યાખ્યાનપ્રવાદપૂર્વ (૧૦) વિદ્યુતપ્રવાદપૂર્વ
(૧૧) અવંધ્યપૂર્વ (૧૨) પ્રાણાયુપૂર્વ
(૧૩) વિશાલપૂર્વ અને (૧૪) લોકબિંદુસારપૂર્વ

★ ભગવાન મહાવીરસ્વામીના ૧૪૦૦૦ સાધુઓ હતા. ★ ચક્રવર્તીને ચક્રાદિ ૧૪ રત્નો હોય છે. ★ જંબૂદ્વીપમાં ૧૪ મહાનદીઓ વહે છે.

**સમવાય – ૧૫ :** પંદર પ્રકારના પરમાધામી દેવો ત્રણ નરક સુધી નારકીઓને ભયંકર પીડા આપે છે. ★ એકવીસમા નમિનાથ ભગવાન ૧૫ ધનુષ્ય ઊંચા હતા. ★ ધ્રુવરાહુ પંદર દિવસ ચંદ્રની કળાને ઢાંકે છે, પંદર દિવસ ચંદ્રની કળાઓને પ્રગટ કરે છે. ★ મનુષ્યોને પંદર યોગ હોય છે.

**સમવાય – ૧૬ :** ક્રોધાદિ કષાયના ૧૬ પ્રકાર છે.

★ અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ. અપ્રત્યાખ્યાની ક્રોધાદિ ચાર. પ્રત્યાખ્યાની ક્રોધાદિ ચાર અને સંજવલન ક્રોધાદિ ચાર, આ રીતે કષાયના કુલ ૪×૪=૧૬ પ્રકાર છે. ★ મેરુ પર્વતના સુદર્શન, મંદર વગેરે ૧૬ નામો છે. ★ પાર્શ્વનાથ ભગવાનના ૧૬000 શ્રમણો હતા.

**સમવાય – ૧૭ :** ૧૭ પ્રકારના સંયમ અને ૧૭ પ્રકારના અસંયમ છે. (૧ થી ૯) પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય જીવોની રક્ષા કરવી, તે જીવસંયમ છે. (૧૦) પૌદ્ગલિક વસ્તુ લેવા મૂકવામાં યતના રાખવી, તે અજીવસંયમ છે. (૧૧) વસ્ત્ર–પાત્રાદિનું વિધિવત્ પ્રતિલેખન કરવું–જોવું, તે પ્રેક્ષાસંયમ છે. (૧૨) શત્રુ– મિત્ર, ઈષ્ટ–અનિષ્ટમાં મધ્યસ્થ ભાવ રાખવો, તે ઉપેક્ષા સંયમ છે. (૧૩) નિર્જીવભૂમિમાં વડિનીત–લઘુનીત વગેરે પરઠવા, તે અપહૃતસંયમ છે. (૧૪) વિધિપૂર્વક પોંજવું, તે પ્રમાર્જનાસંયમ છે અને (૧૫ થી ૧૭) મન, વચન, કાયા દ્વારા શુભ–પ્રશસ્ત પ્રવૃત્તિ કરવી તે મનસંયમ, વચનસંયમ અને કાયસંયમ છે. આ સત્તર પ્રકારના સંયમ છે, તેનાથી વિપરીત વર્તન, તે અસંયમ કહેવાય છે. ★ માનુષોત્તર પર્વત, વેલંધર પર્વતો, અનુવેલંધર પર્વતો અને

ચમરેન્દ્ર–બલીન્દ્રના ઉત્પાત્ત પર્વતો ૧૭૨૧ યોજન ઊંચા છે.

**સમવાય – ૧૮ :** બ્રહ્મચર્યના ૧૮ પ્રકાર છે. મનુષ્ય સંબંધી અને દેવ સંબંધી કામભોગનું મન, વચન, કાયાથી સેવન કરે નહીં, સેવન કરાવે નહીં, સેવન કરનારનું અનુમોદન કરે નહીં. ૨×૩×૩=૧૮. ★ અરિષ્ટનેમિ ભગવાનને ૧૮૦૦૦ સાધુઓની સંપદા હતી. ★ તે સમયે બ્રાહ્મી વગેરે અઢાર લિપિ પ્રચલિત હતી. ★ લાંબામાં લાંબો દિવસ અને લાંબામાં લાંબી રાત્રિ ૧૮ મુહૂર્તની હોય છે.

**સમવાય – ૧૯ :** સૂર્ય ૧૯૦૦ યોજન ક્ષેત્રને પ્રકાશિત કરે છે યથા – સૂર્ય પૃથ્વીથી ૮૦૦ યોજન ઊંચે છે. ત્યાંથી ૧૦૦ યોજન ઉપરના ક્ષેત્રને પ્રકાશિત કરે છે, એટલે કે સમપૃથ્વીથી ઉપરના ૯૦૦ યોજન ક્ષેત્રને અને મહાવિદેહક્ષેત્રની બે વિજય ૧૦૦૦ યોજન ઊંડી ગઈ છે. તે ૧૦૦૦ યોજન, કુલ ૧૯૦૦ યોજન ક્ષેત્રને પ્રકાશિત કરે છે. ★ ૨૪ તીર્થંકરોમાંથી વાસુપૂજય, મલ્લીનાથ, અરિષ્ટનેમિ, પાર્શ્વનાથ, મહાવીરસ્વામી સિવાયના શેષ ૧૯ તીર્થંકરો ગૃહવાસ–રાજય લક્ષ્મી ભોગવી (રાજા

બનીને) દીક્ષિત થાય છે.
**સમવાય – ૨૦ :** સંયમમાં હાનિ પહોંચાડનારા, ચિત્તમાં, અસમાધિ ઉત્પન્ન કરનારા અસમાધિના વીસ સ્થાનો છે. ★ નરક પૃથ્વીઓની નીચે વીસહજાર યોજન વિસ્તૃત ઘનોદધિ છે. ★ વીસ ક્રોડાક્રોડી સાગરોપમનું એક કાળચક્ર છે.
**સમવાય – ૨૧ :** ચારિત્રને શબલ–કાબરચિતરું, મલિન કરનારા મૈથુન સેવન, રાત્રિ ભોજન વગેરે એકવીસ શબલ દોષ છે. ★ અવસર્પિણી કાળનો પાંચમો–છટ્ઠો અને ઉત્સર્પિણી કાળનો પહેલો–બીજો આરો (કાળ વિભાગ) એકવીસ–એકવીસ હજાર વર્ષનો હોય છે.
**સમવાય – ૨૨ :** પૂર્વ કર્મોની નિર્જરા થાય તે ભાવથી ભૂખ, તરસ, ઠંડી, ગરમી, ડાંસ–મચ્છર, અલ્પવસ્ત્ર કે વસ્ત્રરહિતતા, સંયમમાં અરૂચિ, સ્ત્રી, ચાલવું, બેસવું (ભયજનક કષ્ટદાયી આસને બેસવું), પ્રતિકૂળ મકાન, આક્રોશવચન, વધ, યાચના, અલાભ, રોગ, તૃણસ્પર્શ, મેલ, સત્કાર–પુરસ્કાર, પ્રજ્ઞા, અજ્ઞાન, દર્શન વગેરે બાવીસ પ્રકારના અનુકૂળ–પ્રતિકૂળ કષ્ટને સમભાવથી સહન કરવા, તેને પરિષહ કહે છે. ★ પુદગલના બાવીસ પરિણામ (ધર્મ) છે, યથા –પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ, આઠ સ્પર્શ અને અગુરુલઘુ સ્પર્શ તથા ગુરુલઘુ સ્પર્શ.

**સમવાય – ૨૩ :** ભગવાન મહાવીરસ્વામી સિવાયના શેષ ૨૩ તીર્થંકરોને સૂર્યોદયના મુહૂર્તમાં અર્થાત્ દિવસના પૂર્વાર્ધ ભાગમાં કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું. ★ ઋષભદેવ સ્વામી સિવાયના શેષ ૨૩ તીર્થંકરો પૂર્વ ભવમાં અગિયાર અંગના ધારક અને માંડલિક રાજા હતા. ★ ઋષભદેવ સ્વામી પૂર્વભવમાં ૧૪ પૂર્વધર અને ચક્રવર્તી હતા.

**સમવાય – ૨૪ :** આ અવસર્પિણી કાળમાં ૨૪ દેવાધિદેવ (તીર્થંકરો) થયા હતા. ★ સ્વામી–સેવક, આદિ નાના–મોટાના ભેદ હોય તેવા ૨૪ દેવસ્થાન છે, યથા –ભવનપતિદેવોના ૧૦, વ્યંતરદેવોના ૮, જયોતિષ્ક દેવોના–૫ અને ૧ થી ૧૨ દેવલોકના કલ્પવાસી દેવોનું ૧ કુલ **૧૦+૮+૫+૧=૨૪** દેવસ્થાન છે. ★ ઉત્તરાયણના અંતિમ દિવસે (કર્કસંક્રાંતિના દિવસે) ૨૪ અંગુલના શંકુ (ખીલા)ની છાયા–પડછાયો ૨૪ અંગુલનો હોય છે.

**સમવાય – ૨૫ :** પાંચ મહાવ્રતોની ૨૫ ભાવનાઓ છે. મહાવ્રતોને પુષ્ટ કરતી એક–એક મહાવ્રતની પાંચ–પાંચ ભાવનાઓ છે. ★ મલ્લીનાથ ભગવાન ૨૫ ધનુષ્ય ઊંચા હતા. ★ દીર્ઘ વૈતાઢ્ય પર્વત ૨૫ યોજન ઊંચો છે. બીજી નરકમાં ૨૫ લાખ નરકાવાસ (નારકીને રહેવાના સ્થાન) છે.

**સમવાય – ૨૬ :** શાસ્ત્રની વાચના આપવાના કાળને

ઉદ્દેશનકાળ કહે છે. જે શાસ્ત્રના જેટલા અધ્યયન અને જેટલા ઉદ્દેશક હોય તેટલા તેના ઉદ્દેશન કાળ હોય છે. દશાશ્રુતસ્કંધમાં દશ દશા (અધ્યયન) છે, બૃહત્કલ્પમાં ૬ ઉદ્દેશક છે અને વ્યવહારસૂત્રમાં દશ ઉદ્દેશક **૧૦+૬+૧૦=૨૬** ઉદ્દેશન કાળ, ત્રણ છેદસૂત્રના છે.

**સમવાય – ૨૭ :** પાંચ મહાવ્રતોનું પાલન, પાંચ ઈંદ્રિયોનો નિગ્રહ, ચાર કષાયમાં વિવેક, ભાવસત્ય, કરણ સત્ય, યોગસત્ય, ક્ષમાવંત, વૈરાગ્યવંત, મન, વચન, કાયાની સમાધારણતા (અશુભ પ્રવૃત્તિને રોકી શુભમાં પ્રવૃત્તિ કરવી), જ્ઞાન–દર્શન ચારિત્રની સંપન્નતા, વેદના સહનતા અને મારણાંતિક કષ્ટ સહનતા, આ ૨૭ ગુણના ધારક સાધુ હોય છે. ★ જંબૂદ્વીપમાં અભિજિત નક્ષત્ર સિવાયના ૨૭ નક્ષત્રો વ્યવહારમાં પ્રવર્તે છે.

**સમવાય – ૨૮ :** આભિનિબોધિક–મતિજ્ઞાનના ૨૮ પ્રકાર છે. મતિજ્ઞાન પાંચ ઈંદ્રિય અને મનના નિમિત્તથી થાય છે. મતિજ્ઞાનના અવગહ, ઈહા, અવાય અને ધારણા આ ચાર ભેદ છે. અવગ્રહના બે પ્રકાર છે – વ્યંજનાવગ્રહ અને અર્થાવગ્રહ. ઈન્દ્રિય અને વિષયના સંયોગથી અત્યંત અવ્યકત જ્ઞાન થાય, તેને **વ્યંજનાવગ્રહ** કહે છે. ચક્ષુ અને મનનો, વિષય સાથે સંયોગ (સ્પર્શ)

થતો નથી. આ બંને ઈન્દ્રિયો દૂરથી જ વિષયને ગ્રહણ કરે છે, તેથી વ્યંજનાવગ્રહના ચાર ભેદ છે. કાંઈક સ્પર્શ થયો, કાંઈક સંભળાયું, તેવું જે જ્ઞાન થાય તે **અર્થાવગ્રહ** છે. તેના પાંચ ઈન્દ્રિય અને છટ્ઠું મન, તે છ ભેદ છે, અવગ્રહના કુલ ૪+૬=૧૦ ભેદ છે. આ દોરડાનો સ્પર્શ હશે કે સર્પનો ? તેવી વિચારણા પછી આ દોરડાનો સ્પર્શ હોવો જોઈએ, તેમ નિશ્ચય તરફ ઢળતા જ્ઞાનને **ઈહા** કહે છે, તેના છ ભેદ છે. આ દોરડું જ છે, તેવા નિશ્ચયાત્મક જ્ઞાનને **અવાય** કહે છે, તેના છ ભેદ છે. દોરડાના સ્પર્શ આવો હોય, તેમ સ્મૃતિમાં ધારણ કરી રાખવું, તેને **ધારણા** કહે છે. તેના છ ભેદ છે. આ રીતે મતિજ્ઞાનના ૨૮ ભેદ છે.

**સમવાય – ૨૯ :** જે શાસ્ત્રો મનુષ્યના મન અને ઈન્દ્રિયોને વિષય તરફ લઈ જાય, જેના અભ્યાસથી સાધક સાધના માર્ગથી ચ્યુત થઈ જાય, તેવા શાસ્ત્ર પાપશાસ્ત્ર કે પાપશ્રુત કહેવાય છે. તેના ૨૯ પ્રકાર છે.

**સમવાય – ૩૦ :** ત્રસ પ્રાણીને ડૂબાડીને મારવા, શ્વાસ રૂંધિને મારવા, ધૂમાડાથી મારવા, બ્રહ્મચારી ન હોવા છતાં પોતાને બ્રહ્મચારી કહેવડાવવું, જિનેશ્વર ભગવાનની નિંદા કરવી વગેરે ૩૦ પ્રકારની ક્રૂર પ્રવૃત્તિઓના સેવનથી જીવ મહામોહનીયકર્મનો બંધ કરે છે. ★ પાર્શ્વનાથ પ્રભુ અને

મહાવીરસ્વામી ત્રીસ વર્ષ ગૃહસ્થપણે રહી પછી દીક્ષિત થયા.

**સમવાય – ૩૧ :** આઠ કર્મના ક્ષયથી પ્રાપ્ત સિદ્ધ ભગવાનના ૩૧ ગુણો છે. ક્ષીણ મતિજ્ઞાનાવરણ આદિ –૫, ક્ષીણ ચક્ષુદર્શનાવરણીયાદિ–૯, ક્ષીણ શાતાવેદનીય આદિ–૨, ક્ષીણ દર્શનમોહનીય, ક્ષીણ ચારિત્ર મોહનીય–૨, ક્ષીણ નરકાયુ આદિ–૪, ક્ષીણ શુભનામ–અશુભ નામ–૨, ક્ષીણ ઊંચ–નીચ ગોત્ર–૨, અને ક્ષીણ દાનાંતરાય વગેરે–૫.

**સમવાય – ૩૨ :** શિષ્યે દોષોની આલોચના કરવી, આપત્તિ આવે તો પણ ધર્મમાં દઢ રહેવું વગેરે મન, વચન, કાયાના પ્રશસ્ત વ્યાપાર કે જેના દ્વારા મોક્ષની સાધના સારી રીતે સંપન્ન થાય, તેવા ૩૨ પ્રકારના યોગ સંગ્રહ છે.

**સમવાય – ૩૩ :** ગુરુની આગળ ચાલવું, ગુરુના આસન આદિ ઉપર ઊભા રહેવું, ગુરુ બોલાવે ત્યારે સાંભળવા છતાં જવાબ ન આપવો, ગુરુ ધર્મોપદેશ આપતા હોય તેમાં વચ્ચે બોલવું વગેરે તેત્રીસ પ્રકારની ગુરુની અને રત્નાધિકોની આશાતના છે. ★ મહાવિદેહક્ષેત્ર સાધિક તેત્રીસ હજાર યોજનના વિસ્તારવાળું છે. ★ સર્વાર્થસિદ્ધ

અનુત્તર વિમાનના દેવોની સ્થિતિ ૩૩ સાગરોપમની છે.
**સમવાય – ૩૪ :** કેશ, નખની વૃદ્ધિ ન થવી, લોહી દૂધ જેવું શ્વેત હોય, આહાર–નિહાર મનુષ્યો જોઈ ન શકે, વગેરે ૩૪ અતિશયોના ધારક તીર્થંકર હોય છે.
★ જંબૂદ્વીપમાં ચક્રવર્તીના ૩૪ વિજય ક્ષેત્રો છે. મહાવિદેહની ૩૨ વિજય + ભરતક્ષેત્ર + ઐરવત ક્ષેત્ર
★ જંબૂદ્વીપમાં વધુમાં વધુ ૩૪ તીર્થંકરો સાથે હોય છે.
**સમવાય – ૩૫ થી ૧૦૦ :** સત્ય વચનના ૩૫ અતિશય છે. તીર્થંકરોની વાણી ૩૫ ગુણ યુક્ત હોય છે. ★ કુંથુનાથ સ્વામી ૩૫ ધનુષ્ય ઊંચા હતા.
★ ભગવાન મહાવીરસ્વામીના ૩૬૦૦૦ સાધ્વીજીઓ હતા. ★ કુંથુનાથ સ્વામીના ૩૭ ગણધર હતા.
★ પાર્શ્વનાથ ભગવાનના આડત્રીસ હજાર સાધ્વીજીઓ હતા. ★ અઢીદ્વીપમાં કુલ ૩૯ પર્વતો છે – ૩૦ વર્ષધર પર્વતો, પાંચ મેરુ પર્વતો અને ચાર ઈષુકાર પર્વતો
★ મેરુપર્વતની ચૂલિકા ૪૦ યોજન ઊંચી છે.
★ શાંતિનાથ ભગવાન ૪૦ ધનુષ્ય ઊંચા હતા.
★ નમિનાથ ભગવાનના એકતાલીશ હજાર સાધ્વીજીઓ હતા. ★ મહાવીરસ્વામી સાધિક બેતાલીસ વર્ષ શ્રમણપણે રહ્યા. ★ કાલોદધિ સમુદ્રમાં ૪૨ ચંદ્રો અને ૪૨ સૂર્યો

પ્રકાશ કરે છે. ★ નામકર્મની ઉત્તર પ્રકૃતિ ૪૨ છે. ★ સમયક્ષેત્ર (અઢીદ્વીપ), પ્રથમ નરકનો સીમંતક નરકાવાસ, પહેલા–બીજા દેવલોકના ઉડુ નામના ગોળ વિમાન, ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી ૪૫ લાખ યોજન લાંબા–પહોળા છે. ★ બ્રાહ્મીલિપિમાં ૪૬ મૂળાક્ષર છે. ★ અગ્નિભૂતિ ગણધર ૪૭ વર્ષ ગૃહવાસમાં રહી દીક્ષિત થયા. ★ ધર્મનાથ પ્રભુના ૪૮ ગણધર હતા. ★ ચક્રવર્તી ૪૮૦૦૦ શહેરના અધિપતિ હોય છે. ★ સપ્તસપ્તમિકા ભિક્ષુ પ્રતિમાની આરાધના ૪૯ દિવસમાં ૧૯૬ દત્તિથી (એક અખંડધારથી પ્રાપ્ત આહાર–પાણીને દત્તિ કહે છે.) થાય છે. ★ દેવકુરુ–ઉત્તરકુરુના યુગલિક મનુષ્યો ૪૯ દિવસમાં યુવાન બની જાય છે. ★ અનંતનાથ ભગવાન ૫૦ ધનુષ્ય ઊંચા હતા. ★ તિમિસ્ર અને ખંડપ્રપાત ગુફાઓ ૫૦–૫૦ યોજન લાંબી છે. ★ ચમરેન્દ્ર, બલીન્દ્રની સુધર્માસભામાં ૫૧૦૦ સ્તંભ છે. ★ દર્શનાવરણીય અને નામકર્મની મળીને ૫૧ ઉત્તર પ્રકૃતિઓ છે. ★ કોપ, રોષ, દ્વેષ, અક્ષમા, કલહ વગેરે ૧૦ નામ ક્રોધના; દર્પ, સ્તંભ, ગર્વ વગેરે ૧૧ નામ માનના; દંભ, કપટ, વંચના વગેરે ૧૭ નામ માયાના છે અને લોભ, ઈચ્છા, મૂર્ચ્છા વગેરે ૨૪ નામ લોભના છે.

કુલ ૫૨ નામ મોહનીય કર્મના છે. ★ ભગવાન મહાવીરસ્વામીના ૫૩ અણગાર ૧ વર્ષની શ્રમણ પર્યાય પાળીને અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયા છે. ★ એક ઉત્સર્પિણી–અવસર્પિણી કાળમાં ૫૪–૫૪ ઉત્તમ પુરુષ ઉત્પન્ન થાય છે, યથા–૨૪ તીર્થંકર, બાર ચક્રવર્તી, નવ વાસુદેવ, નવ બળદેવ. ★ અનંતનાથ ભગવાનના ચોપન ગણધર હતા. ★ મલ્લીનાથ ભગવાન પંચાવન હજાર વર્ષનું આયુષ્ય ભોગવી સિદ્ધ થયા. ★ ભગવાન મહાવીરસ્વામી અંતિમ રાત્રિના પુણ્ય વિપાકવાળા અને પાપ વિપાકવાળા ૫૫–૫૫ અધ્યયનોનું પ્રતિપાદન કરી સિદ્ધ થયા. ★ જંબૂદ્વીપના બે ચંદ્રોના પરિવાર રૂપ ૫૬ નક્ષત્રો ચંદ્ર સાથે યોગ કરે છે. મલ્લિનાથ પ્રભુના સંઘમાં ૫૭૦૦ મનઃપર્યવજ્ઞાની મુનિ હતા. ★ પહેલી, બીજી અને પાંચમી, આ ત્રણ નરક પૃથ્વીના ૫૮ લાખ નરકાવાસ છે. ★ ચંદ્ર સંવત્સરની અપેક્ષાએ એક–એક ઋતુ ઓગણસાઠ અહોરાત્રની હોય છે. ★ સૂર્ય એક પરિપૂર્ણ મંડળને સાઠ મુહૂર્તમાં પૂર્ણ કરે છે. ★ એક યુગમાં ૬૧ કર્મમાસ હોય છે. ★ પાંચ વરસના એક યુગમાં ૬૨ પૂર્ણિમા અને ૬૨ અમાસ (૧૨૪ પર્વતિથિઓ) હોય છે. ★ ઋષભદેવસ્વામી ૬૩ લાખ પૂર્વ પર્યંત રાજાપણે

રહ્યા. ★ હરિવર્ષ–રમ્યક્વર્ષના યુગલિક મનુષ્યો ૬૩ દિવસમાં યુવાવયને પ્રાપ્ત થાય છે. ★ અસુરકુમાર દેવોના ૬૪ લાખ ભવનાવાસ છે.

★ પલ્યના આકારવાળા દધિમુખ પર્વતો ૬૪ હજાર યોજન ઊંચા છે. ★ જંબૂદ્વીપ ઉપર ૬૫ સૂર્ય મંડળો (પરિભ્રમણ માર્ગ) છે. ★ મતિજ્ઞાનની ઉત્કૃષ્ટ સ્થિતિ ૬૬ સાગરોપમ છે. ★ શ્રેયાંસનાથ ભગવાનના ૬૬ ગણધરો હતા. ★ પાંચ વરસના યુગમાં ૬૭ નક્ષત્ર માસ છે. ★ ધાતકીખંડ અને અર્ધપુષ્કર દ્વીપમાં ચક્રવર્તીના વિજયક્ષેત્ર ૬૮–૬૮ છે. ★ ધાતકીખંડ દ્વીપમાં ઉત્કૃષ્ટ ૬૮ તીર્થંકર થાય છે. ★ ભગવાન મહાવીરસ્વામી ૨૦ દિવસ અધિક ૧ મહિનો (૫૦ દિવસ) વ્યતીત થાય અને ૭૦ દિવસ બાકી રહે ત્યારે પર્યુષણા કલ્પ (સંવત્સરી) કરતા હતા. ★ પાર્શ્વનાથ ભગવાન ૭૦ વર્ષની સંયમ પર્યાયનું પાલન કરી નિર્વાણ પામ્યા. ★ વાસુપૂજ્યસ્વામી ૭૦ ધનુષ્ય ઊંચા હતા. ★ અજિતનાથ ભગવાનનો ગૃહસ્થવાસ ૭૧ લાખ પૂર્વ વર્ષનો હતો. ★ ભગવાન મહાવીરસ્વામીના ગણધર અચલભ્રાતાનું આયુષ્ય બોતેર વર્ષનું હતું. ★

આભ્યતંર અર્ધપુષ્કર–દ્વીપમાં ૭૨ ચંદ્ર અને ૭૨ સૂર્ય પ્રકાશ કરે છે. ★ વિજયબળદેવ ૭૩ લાખ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરીને સિદ્ધગતિને પામ્યા. ★ અગ્નિભૂતિ ગણધરનું ૭૪ વર્ષનું આયુષ્ય હતું. ★ સુવિધિનાથ ભગવાનના ૭૫૦૦ કેવળી હતા. ★ શીતળનાથ ભગવાનનો ગૃહસ્થવાસ ૭૫૦૦૦ પૂર્વ વર્ષનો અને શાંતિનાથ ભગવાનનો ગૃહસ્થવાસ ૭૫૦૦૦ વર્ષનો હતો. ★ વિદ્યુતકુમાર દેવોના ૭૬ લાખ ભવન છે. ★ ૭૭ લવનો એક મુહૂર્ત હોય છે. ★ રત્નપ્રભા પૃથ્વીના ત્રીજા જળબહુલ કાંડની જાડાઈ ૮૦ હજાર યોજન છે.

★ જંબૂદ્વીપના ચરમાંતથી ૧૮૦ યોજન અંદર સૂર્ય– ચંદ્રનું પ્રથમ મંડળ છે. ★ નવનવમિકા ભિક્ષુ પ્રતિમા ૮૧ દિવસમાં ૪૦૫ દત્તિ દ્વારા થાય છે. ★ દેવાનંદાની કુક્ષીમાં ૮૨ રાત્રિ વ્યતીત થયા પછી ૮૩મી રાત્રિના ગર્ભસ્થ મહાવીરસ્વામીના ગર્ભનું સંહરણ થયું

★ શીતલનાથસ્વામીના ૮૩ ગણધર હતા. ★ સાતે નરકના ૮૪ લાખ નરકાવાસ છે. ★ શ્રેયાંસનાથસ્વામીનું ૮૪ લાખ વર્ષનું આયુષ્ય હતું. ★ ધાતકીખંડદ્વીપ, અર્ધપુષ્કરદ્વીપના

મેરુ પર્વતો ૮૪,૦૦૦ યોજન ઊંચા છે. ★ ૮૪ લાખ જીવાયોનિ છે. ★ પૂર્વથી શીર્ષપ્રહલિકા સુધીની સંખ્યાઓ ૮૪ લાખના ગુણાકારથી પ્રાપ્ત થાય છે. ★ ૮૮ ગ્રહનો પરિવાર ચંદ્રેન્દ્ર, સૂર્યેન્દ્રનો છે. ★ ત્રીજા– ચોથા આરાના ૮૯ અર્ધમાસ અર્થાત્ ૩ વર્ષ, ૮ માસ, ૧૫ દિવસ શેષ હતા ત્યારે ક્રમશઃ ઋષભદેવ અને ભગવાન મહાવીરસ્વામી નિર્વાણ પામ્યા. ★ અજિતનાથસ્વામી તથા શાંતિનાથ ભગવાનના ૯૦ ગણધર હતા.

સેવા કરવાની પ્રતિમા (સંકલ્પ)ના ૯૧ પ્રકાર છે. **તેમાં શુશ્રૂષા વિનયના ૧૦ પ્રકાર છે.** ગુણાધિક પુરુષોનો સત્કાર કરવો, તેઓ આવે ત્યારે ઊભા થવું, વસ્ત્રાદિ આપી સન્માન કરવું, આસન પ્રદાન કરવું, એક સ્થાનેથી બીજા સ્થાને આસન લઈ જવું, વંદન કરવા, હાથ જોડવા, આવતા હોય ત્યારે સામે જઈ સ્વાગત કરવું, જતાં હોય ત્યારે થોડેક દૂર સુધી મૂકવા જવું, તેઓ બેસે પછી બેસવું.

**તીર્થંકરાદિ અનાશાતનાના ૬૦ પ્રકાર છે,** તીર્થંકર, ધર્મ, આચાર્ય, વાચક, સ્થવિર, કુળ, ગણ, સંઘ, સાંભોગિક

(સમાન આચારવાળા) સાધુ, આચારવાન, વિશિષ્ટ મતિજ્ઞાની, શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની મનઃપર્યવજ્ઞાની, કેવળજ્ઞાની, આ ૧૫ મહાપુરુષોની (૧) આશાતના ન કરવી (૨) ભક્તિ કરવી (૩) બહુમાન રાખવું (૪) વર્ણવાદ કરવા, આ ચાર કર્તવ્ય ઉપરોકત ૧૫ મહાપુરુષો પ્રતિ આચરવા. આ રીતે ૧૫×૪=૬૦ પ્રકારે વિનયનું આચરણ કરવું.

**સાત પ્રકારના ઔપચારિક વિનય–** વૈયાવચ્ચ યોગ્ય ગુરુની સમીપે બેસવું, તેઓના અભિપ્રાય પ્રમાણે કાર્ય કરવું, આહારાદિ આપી ગુરુને પ્રસન્ન રાખવા, ભણાવનારનો વિશેષ રૂપે વિનય કરવો, દુઃખી જીવોના દુઃખને સમજવું, દેશ–કાળ પ્રમાણે તેમની સેવા કરવી, બિમારને સ્વાસ્થ્યની અનુકૂળતા રહે તેમ આજ્ઞા આપવી,

**આચાર્યાદિ વિનયના ૧૪ પ્રકાર–** જ્ઞાનાચાર્ય, દર્શનાચાર્ય, ચારિત્રાચાર્ય, તપાચાર્ય, વીર્યાચાર્ય, આ પાંચ પ્રકારના આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, શૈક્ષ, ગ્લાન, ગણ, કુલ, સંઘ, સાધુ, સમનોજ્ઞ–ઉત્તમ આચારવાન સાધુ, આ ૧૪ ની વૈયાવચ્ચ કરવી. આ રીતે ૧૦+૬૦+૭+૧૪=૯૧ પ્રકારે વૈયાવચ્ચ કરવી.

ઈન્દ્રભૂતિ–ગૌતમસ્વામીનું ૯૨ વર્ષનું આયુષ્ય હતું. ★ ચંદ્રપ્રભુ સ્વામીના ૯૩ ગણધર હતા. ★ સુપાર્શ્વ પ્રભુના ૯૫ ગણધર હતા. કુંથુનાથ ભગવાનનું ૯૫ હજાર વર્ષનું આયુષ્ય હતું. ★ પાર્શ્વનાથ ભગવાનનું સો વર્ષનું આયુષ્ય હતું ★ પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામીનું ૧૦૦ વર્ષનું આયુષ્ય હતું. ★ દીર્ઘ વૈતાઢ્ય પર્વતો એકસો કોસ (ગાઉ) અને ચુલ્લ હિમવંતપર્વત, શિખરીપર્વત, કાંચનકપર્વતો એકસો યોજન ઊંચા છે.

## અનેકોત્તરિક વૃદ્ધિ સમવાય

ચંદ્રપ્રભુસ્વામી ૧૫૦ ધનુષ્ય ઊંચા હતા. ★ સુપાર્શ્વ પ્રભુ ૨૦૦ ધનુષ્ય ઊંચા હતા. ★ જંબૂદ્વીપમાં ૨૦૦ કાંચનકપર્વતો છે. ★ સુમતિનાથ ભગવાન ૩૦૦ ધનુષ્ય ઊંચા હતા. ★ સિદ્ધ થનારા જીવોના જીવપ્રદેશોની ઉત્કૃષ્ટ અવગાહના સાધિક ૩૦૦ ધનુષ્યની હોય છે. ★ સંભવનાથસ્વામી ૪૦૦ ધનુષ્ય ઊંચા હતા. ★ અજિતનાથસ્વામી ૪૫૦ ધનુષ્ય ઊંચા હતા. ★ ઋષભદેવસ્વામી, ભરત ચક્રવર્તી ૫૦૦ ધનુષ્ય ઊંચા હતા. ★ સમપૃથ્વીથી ૮૦૦ યોજન ઊંચે સૂર્ય વિમાન પરિભ્રમણ કરે છે. ★ યમક પર્વતો હજાર યોજન ઊંચા

છે. ★ અરિષ્ટનેમિ ભગવાનનું આયુષ્ય હજાર વર્ષનું હતું. ★ અનુત્તરોપપાતિક દેવોના વિમાન ૧૧૦૦ યોજન ઊંચા છે. ★ સમ ભૂમિભાગના સ્થાને મેરુ પર્વત ૧૦,૦૦૦ યોજનનો પહોળો છે. ★ જંબૂદ્વીપ એક લાખ યોજન લાંબો–પહોળો છે. ★ લવણ સમુદ્રનો ચકવાલ વિષ્કંભ બે લાખ યોજનનો છે. ★ પાર્શ્વનાથ ભગવાનના ૩,૨૭,૦૦૦ શ્રાવિકાનો પરિવાર હતો.

## દ્વાદશાંગી ગણિપિટક

તીર્થંકર કથિત, ગણધર ગુંથિત બાર અંગસૂત્ર દ્વાદશાંગી કહેવાય છે. તે શ્રુત રૂપ રત્નો આચાર્યની મંજૂષા–પેટી રૂપ છે. તીર્થંકરોની અનુપસ્થિતિમાં આચાર્યો આ અંગરૂપ આગમોના આધારે જ શાસનધુરાને વહન કરે છે. મંજૂષા, પેટી કે પટારાને પિટક કહે છે. તે પિટકના બાર અંગ આ પ્રમાણે છે–

**(૧) શ્રી આચારંગસૂત્ર** :– તેમાં સાધુ–નિર્ગ્રંથોના આચારધર્મનું દર્શન છે. **(૨) શ્રી સૂયગડાંગસૂત્રમાં** સ્વસિદ્ધાંતો – પર સિદ્ધાંતો, જીવ, અજીવાદિનું વર્ણન છે. **(૩) શ્રી ઠાણાંગસૂત્રમાં** : જીવ, દ્રવ્ય, ગુણ, પર્વતો,

મહાનદીઓ, સમુદ્રો વગેરેનું એક, બે, ત્રણ થી દશ સુધીનું સંખ્યાનુસાર પ્રરૂપણ છે. (૪) **શ્રીસમવાયાંગસૂત્રમાં** એકથી સો સંખ્યા અને ત્યાર પછી અનેકોત્તર સંખ્યાથી વિષય નિરૂપણ છે તેમજ તીર્થંકરોના જીવનસમયના ઐતિહાસિક તથ્યો, ક્ષેત્ર, પર્વતો, સમુદ્રો વગેરે ભૂગોળ સંબંધી વિધાનો છે. **(૫) શ્રી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિસૂત્ર** (ભગવતીસૂત્ર)માં ગણધરો, સાધુઓ દેવો, નરેન્દ્રો, રાજર્ષિઓ દ્વારા પૂછાયેલા ૩૬૦૦૦ પ્રશ્નોના ભગવાને આપેલા ઉત્તરોનું દર્શન થાય છે. (૬) **શ્રી જ્ઞાતાધર્મકથાસૂત્ર**માં મહાપુરુષોના જીવન ચરિત્ર, તેઓએ આચરેલા વ્રત–નિયમો, તપશ્ચર્યાદિ દ્વારા તથા કેટલાક દષ્ટાંતો, રૂપકો દ્વારા જિનમતના સિદ્ધાંતોનું નિરૂપણ છે. **(૭) શ્રી ઉપાસકદશાસૂત્રમાં** દશ શ્રાવકોના વ્રત–નિયમો પૌષધોપવાસ, તેમને પ્રાપ્ત પરિષહ–ઉપસર્ગો વગેરેનું વર્ણન છે. **(૮) શ્રી અંતકૃતદશાસૂત્રમાં** કર્મોનો અંત કરી સિદ્ધ બુદ્ધ થયેલા ૯૦ આત્માઓની કર્મક્ષયકારી જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપની સાધનાનું વર્ણન છે. **(૯) શ્રી અનુત્તરોવવાઈસૂત્રમાં** અનુત્તરવિમાનમાં ઉત્પન્ન થનારા

૩૩ સાધકોના માતા–પિતા, પ્રભુના દર્શન, ધર્મોપદેશ–શ્રવણ, પ્રવ્રજયા સ્વીકાર, તપ–ઉપધાન, પ્રતિમા, સંલેખના અને અનશનવ્રતનું વર્ણન છે. **(૧૦) શ્રી પ્રશ્નવ્યાકરણસૂત્રમાં** પ્રશ્નો–અપ્રશ્નોના માધ્યમે પાંચ કર્માશ્રવના દ્વાર અને પાંચ સંવર દ્વારોનું વર્ણન છે. **(૧૧) શ્રી વિપાકસૂત્રમાં** હિંસા, ચોરી વગેરે દુષ્કર્મોના દુષ્ફળ અને અહિંસા, સત્ય વગેરે સત્કર્મોના સુફળોનું વર્ણન છે. **(૧૨) શ્રી દષ્ટિવાદસૂત્રમાં** પરિકર્મ, સૂત્ર, પૂર્વગત, અનુયોગ, ચૂલિકા, આ પાંચ વિભાગમાંથી ત્રીજા પૂર્વગત વિભાગમાં ૧૪ પૂર્વનું કથન છે. આ દ્વાદશાંગી ગણિપિટકની વિરાધના કરનારા અંનત સંસારમાં પરિભ્રમણ કરે છે. દ્વાદશાંગી ગણિપિટકની આરાધના કરનાર અનંત જીવો સંસારકાંતારને પાર કરી મુક્ત થાય છે. આ ગણિપિટક મેરુની જેમ ધ્રુવ છે, કાળની જેમ શાશ્વત છે, નિરંતર વાચના દેવા છતાં ક્ષય થતો નથી, તેથી અક્ષય છે, ગંગાનદીની જેમ અવ્યય છે, જંબૂદ્વીપની સમાન અવસ્થિત છે, આકાશની જેમ નિત્ય છે. ગણિપિટક ભૂત, ભવિષ્ય, વર્તમાન ત્રણે કાળમાં હોય છે.

## પ્રકીર્ણક વિષયો

રાશિ બે પ્રકારની છે – જીવરાશિ અને અજીવરાશિ. અજીવરૂપ રાશિના બે પ્રકાર છે –૧. વર્ણ, ગંધાદિ યુકત રૂપી પદાર્થોની અજીવરાશિ અને વર્ણ, ગંધાદિ રહિત અરૂપી પદાર્થોની અજીવરાશિ. જીવરાશિમાં સંસારી જીવોમાં એકેન્દ્રિયથી પંચેન્દ્રિય અને પંચેન્દ્રિયમાં દેવ, નારકી, તિર્યંચ પંચેન્દ્રિય તથા મનુષ્ય જીવોની રાશિ જાણવી.

★ નારકીઓને રહેવાના સ્થાન નરકાવાસ કહેવાય છે. અધોલોકમાં સાત નરકના ક્રમશઃ ૩૦ લાખ, ૨૫ લાખ, ૧૫ લાખ, ૧૦ લાખ, ૩ લાખ, ૯૯,૯૯૫ અને ૫, કુલ ૮૪ લાખ નરકાવાસ છે. ભવનપતિ દેવોના આવાસ ભવનાવાસ કહેવાય છે. તેમાં અસુરકુમારના ૬૪ લાખ, નાગકુમારના ૮૪ લાખ, સુવર્ણકુમારના ૭૨ લાખ અને વાયુકુમાર ૯૬ લાખ અને શેષ દ્વીપકુમાર આદિ છના ૭૬–૭૬ લાખ ભવનાવાસ છે. મધ્યલોકમાં પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યના આવાસો અસંખ્યાત છે. જો કે ગર્ભજ મનુષ્ય અને તેઉકાય જીવોનું આવાસ ક્ષેત્ર સંખ્યાત જ છે, પરંતુ તેઉકાયના જીવો અને સંમૂચ્છિંમ મનુષ્યો અસંખ્યાત

છે, માટે તેમના આવાસ અસંખ્યાત કહ્યા છે. વ્યંતર દેવોના આવાસ નગરાવાસ કહેવાય છે, તે અસંખ્યાત લાખ છે.

જ્યોતિષી દેવોના આવાસ વિમાનાવાસ કહેવાય છે. તે અસંખ્યાત છે. વૈમાનિક દેવોના આવાસ વિમાનાવાસ કહેવાય છે. ઊર્ધ્વલોકમાં સૌધર્મથી સહસ્રાર દેવલોક સુધી ક્રમશઃ ૩૨ લાખ, ૨૮ લાખ, ૧૨ લાખ, ૮ લાખ, ૪ લાખ, ૫૦,૦૦૦, ૪૦,૦૦૦ ૬,૦૦૦ આણત–પ્રાણત દેવલોકના ૪૦૦, આરણ–અચ્યુત દેવલોકના ૩૦૦, ગ્રૈવેયકમાં ક્રમશઃ ૧૧૧, ૧૦૭, ૧૦૦ વિમાન અને પાંચ અનુત્તર વિમાનના પાંચ વિમાનાવાસ છે.

**અતીત–અનાગતકાલીન મહાપુરુષો :–** અવસર્પિણી કાળમાં, ઉત્સર્પિણીકાળમાં રાજયવ્યવસ્થાના અભાવમાં તીર્થંકરના જન્મ પૂર્વે કુલકરો થાય છે. ગત ઉત્સર્પિણીમાં અને વર્તમાન અવસર્પિણીમાં સાત–સાત કુલકર થયા છે.

૨૪ તીર્થંકરોમાંથી ઋષભદેવે વિનીતામાં અને અરિષ્ટનેમિએ દ્વારકામાં દીક્ષા લીધી, શેષ તીર્થંકરોએ, પોતાના જન્મનગરમાં દીક્ષા ધારણ કરી હતી. ★ ૨૪ તીર્થંકરોએ ઈન્દ્ર દ્વારા અર્પિત દેવદૂષ્ય સાથે દીક્ષા ગ્રહણ કરી હતી. તેઓ અન્યલિંગથી, ગૃહસ્થલિંગથી કે અન્ય કોઈ

કુલિંગથી દીક્ષિત થયા નથી. ★ ભગવાન મહાવીરસ્વામીએ એકલા દીક્ષા અંગીકાર કરી, શેષ તીર્થંકરોએ અન્ય રાજાઓ સાથે દીક્ષા ગ્રહણ કરી હતી. ★ સુમતિનાથ દીક્ષા સમયે નિત્યભોજી, વાસુપૂજ્યસ્વામી એક ઉપવાસ, પાર્શ્વનાથ અને મલ્લીનાથ અટ્ઠમ તપ સાથે અને શેષ સર્વ તીર્થંકરો છ૮ ઉપવાસ સાથે દીક્ષિત થયા છે.

★ દીક્ષા પછી ઋષભદેવસ્વામીને સાધિક એક વરસ પછી અને શેષ સર્વ તીર્થંકરોને દીક્ષાના બીજા દિવસે આહાર પ્રાપ્ત થયો હતો. ★ ઋષભદેવસ્વામીનું પ્રથમ પારણું ઈક્ષુરસથી થયું અને શેષ સર્વ તીર્થંકરોના પ્રથમ પારણા ખીર (પરમાન્ન)થી થયા છે.

પ્રત્યેક અવસર્પિણી, ઉત્સર્પિણી કાળમાં ૧૨ ચક્રવર્તી, નવ વાસુદેવ, નવ બળદેવ થાય છે.

# તીર્થંકરોનાં નામ

| ભરતક્ષેત્ર વર્તમાન ચોવીસી | ભરતક્ષેત્ર આગામી ચોવીસી | ઐરવતક્ષેત્ર વર્તમાન ચોવીસી | ઐરવત ક્ષેત્રની આગામી ચોવીસી |
|---|---|---|---|
| ૧. ઋષભદેવ | મહાપદ્મ | સુચંદ્ર | સુમંગલ |
| ૨. અજીતનાથ | સૂરદેવ | અગ્નિસેન | સિદ્ધાર્થ |
| ૩. સંભવનાથ | સુપાર્શ્વ | નંદીસેન | નિર્વાણ |
| ૪. અભિનંદન | સ્વયંપ્રભ | ઋષિદત્ત | મહાયશ |
| ૫. સુમતિનાથ | સર્વાનુભૂતિ | સોમચંદ્ર | ધર્મધ્વજ |
| ૬. પદ્મપ્રભુ | દેવશ્રુત | યુકિતસેન | શ્રીચંદ્ર |
| ૭. સુપાર્શ્વનાથ | ઉદય | અજિતસેન | પુષ્પકેતુ |
| ૮. ચંદ્રપ્રભુ | પેઢાલપુત્ર | શિવસેન | મહાચંદ્ર |
| ૯. સુવિધિનાથ | પોટ્ટિલ | બુદ્ધ | શ્રુતસાગર |
| ૧૦. શીતલનાથ | શતકીર્તિ | દેવશર્મ | સિદ્ધાર્થ |
| ૧૧. શ્રેયાંસનાથ | મુનિસુવ્રત | નિક્ષિપ્ત શસ્ત્ર | પૂર્ણઘોષ |
| ૧૨. વાસુપૂજય | સર્વભાવવિત | અસંજવલ | મહાઘોષ |
| ૧૩. વિમળનાથ | અમમ | જિનવૃષભ | સત્યસેન |
| ૧૪. અનંતનાથ | નિષ્કષાય | અનંત | સૂરસેન |
| ૧૫. ધર્મનાથ | નિષ્પુલાક | ઉપશાંત | મહાસેન |
| ૧૬. શાંતિનાથ | નિર્મમ | ગુપ્તસેન | સર્વાનંદ |
| ૧૭. કુંથુનાથ | ચિત્રગુપ્ત | અતિપાર્શ્વ | દેવપુત્ર |
| ૧૮. અરનાથ | સમાધિગુપ્ત | સુપાર્શ્વ | સુપાર્શ્વ |
| ૧૯. મલ્લીનાથ | સંવર | મરુદેવ | સુવ્રત |
| ૨૦. મુનિસુવ્રત | અનિવૃત્તિ | ધર | સુકોશલ |
| ૨૧. નમિનાથ | વિજય | શ્યામકોષ્ઠ | અનંતવિજય |
| ૨૨. નેમનાથ | વિમલ | અગ્નિસેન | વિમલ |
| ૨૩. પાર્શ્વનાથ | દેવોપપાત | અગ્નિપુત્ર | મહાબલ |
| ૨૪.મહાવીરસ્વામી | અનંતવિજય | વારિષેણ | દેવાનંદ |

# શ્રી આગમ સૂત્ર

❖ અંગસૂત્ર-૧૧ ❖

૧) શ્રી આચારાંગ સૂત્ર
૨) શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર
   શ્રી સૂયગડાંગ સૂત્ર
૩) શ્રી સ્થાનાંગ સૂત્ર
   શ્રી ઠાણાંગ સૂત્ર
૪) શ્રી સમવાયાંગ સૂત્ર
૫) શ્રી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ સૂત્ર
   શ્રી ભગવતી સૂત્ર
૬) શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર
૭) શ્રી ઉપાસકદશાંગ સૂત્ર
૮) શ્રી અંતકૃતદશાંગ સૂત્ર
   શ્રી અંતગડ સૂત્ર
૯) શ્રી અનુત્તરોપપાતિક સૂત્ર
   શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર
૧૦) શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર
૧૧) શ્રી વિપાક સૂત્ર

શ્રી દષ્ટિવાદ સૂત્ર
(ઉપલબ્ધ નથી)

❖ ઉપાંગસૂત્ર-૧૨ ❖

૧૨) શ્રી ઔપપાતિક સૂત્ર
   શ્રી ઉવવાઈ સૂત્ર
૧૩) શ્રી રાજપ્રશ્નીય સૂત્ર
   શ્રી રાયપસેણીય સૂત્ર
૧૪) શ્રી જીવાજીવાભિગમ સૂત્ર
૧૫) શ્રી પ્રજ્ઞાપના સૂત્ર
   શ્રી પન્નવણા સૂત્ર
૧૬) શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૭) શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૮) શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૯) શ્રી નિરયાવલિકા સૂત્ર
૨૦) શ્રી કલ્પવતંસિકા સૂત્ર
   શ્રી કપ્પવડંસિયા સૂત્ર
૨૧) શ્રી પુષ્પિકાસૂત્ર
   શ્રી પુપ્ફિયા સૂત્ર
૨૨) શ્રી પુષ્પચૂલિકાસૂત્ર
   શ્રી પુપ્ફચૂલિયા સૂત્ર
૨૩) શ્રી વૃષ્ણિદશા સૂત્ર
   શ્રી વહ્નિદશા સૂત્ર

❖ મૂળસૂત્ર-૪ ❖

૨૪) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર
૨૫) શ્રી દશવૈકાલિક સૂત્ર
૨૬) શ્રી નંદી સૂત્ર
૨૭) શ્રી અનુયોગદ્વાર સૂત્ર

❖ છેદસૂત્ર-૪ ❖

૨૮) શ્રી નિશીથ સૂત્ર
૨૯) શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્ર
30) શ્રી બૃહત્કલ્પ સૂત્ર
૩૧) શ્રી વ્યવહાર સૂત્ર

૩૨) શ્રી આવશ્યક સૂત્ર

**પ્રકાશક**

શ્રીમતી સોનલબેન યોગેશભાઈ અજમેરા    શ્રીમતી પારૂલબેન કેતનભાઈ અજમેરા
શ્રીમતી સ્મિતાબેન મિલનભાઈ અજમેરા

**સૌજન્ય**

અમ આત્મશુદ્ધિના પ્રેરક, શ્રદ્ધા-ધ્યાન માર્ગના માર્ગદર્શક તથા અમ
કલ્યાણમિત્ર પૂ. પિતાશ્રી સ્વ. રસિકલાલ ચંદુલાલ અજમેરાની સ્મૃત્યર્થે
માતુશ્રી વિજયાબેન રસિકલાલ અજમેરા
સુપુત્રોઃ સ્વ. શ્રી યોગેશભાઈ રસિકલાલ અજમેરા
શ્રી કેતન રસિકલાલ અજમેરા    શ્રી મિલન રસિકલાલ અજમેરા
શ્રીમતી હિના નિમેષ કોઠારી

**પ્રાપ્તિ સ્થાન**

શ્રી મિલન અજમેરા
૧૦૦૧, જુહુ અંકુર, ગુલમોહર ક્રોસ રોડ નં. ૧૦, જેવીપીડી સ્કીમ,
સુજય હોસ્પીટલની સામે, મુંબઈ - ૪૦૦ ૦૪૯. Mob.: 9322401398

શ્રી બકુલભાઈ કોઠારી
બકુલ ઓપ્ટીકલ્સ,
૨૦, ન્યૂ જાગન્નાથ મેઈન રોડ,
રાજકોટ, Mob.: 9824312269

પાવનધામ
BCCI ગ્રાઉંડ પાસે, પાવનધામ માર્ગ,
કાંદીવલી (વેસ્ટ), મુંબઈ ૪૦૦ ૦૬૭
Mob.: 93230 04544/9619596869

**પરમ પ્રિંટર્સ** - 9825193988

◆ કિંમત રૂ. 300/-    ◆ શ્રુત સેવાર્થે કિંમત રૂ. ૧૦૦/-